## જન્મદિને વધામણી



**સુમંતભાઈ શાહ**
કોષાધ્યક્ષ
ગાંધીનગર સાહિત્ય સભા



**અમિત સી ગોંડ**
વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર
મો. ૮૪૦૧૪ ૮૮૫૮૮

# ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસમાં પ્રવેશ માટે ૬ જૂનથી ઓનલાઈન નોંધણી

ગાંધીનગર, તા. ૨

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોમર્સ, બીબીએ - બીસીએ સહિતની કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ હજુ રાહ જોવી પડશે.

એક અગ્રણી અખબારના અહેવાલ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના માર્કસની સીડી યુનિવર્સિટીને સુપ્રત કરવામાં આવી ન હોવાથી હવે આગામી તા.૬થી ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. અત્યાર સુધીમાં સેન્ટ્રલ બોર્ડના ૧૭૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લીધું છે.

યુનિવર્સિટી દ્વારા અગાઉ તા.૧લીથી ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાની સૂચના આપવામાં આવી હતી. નિષ્ણાતોના જણાવ્યા મુજબ ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓએ પોતાના માર્કસ લખવાના હોતા નથી. કારણ કે વિદ્યાર્થીઓ દ્વારા માર્કસ કે પર્સન્ટાઈલની નોંધણી કરવામાં આવે તો તેનું વેરિફિકેશન કરવાનો પ્રશ્ન ઊભો થાય તેમ છે. આ પ્રકારની પરિસ્થિતિ નિવારવા માટે બોર્ડ દ્વારા જ વિદ્યાર્થીઓના પર્સન્ટાઈલ કે માર્કસની ગણતરી કરીને આપવામાં આવતા હોય છે. જયાં સુધી બોર્ડ આ કાર્યવાહી પૂરી ન કરે ત્યાં સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા આગળ વધી શકતી નથી. બોર્ડ દ્વારા આવતીકાલે વિદ્યાર્થીઓના માર્કસ મોકલવામાં આવે તો પણ આગળની કાર્યવાહી થઈ શકે તેમ નથી. તેનું કારણ એ છે કે ઓનલાઈન એડમિશનની પ્રક્રિયા કરતી એનઆઈસી સંસ્થાનું હૈદરાબાદ સ્થિત સર્વર આગામી બે દિવસ બંધ રહેવાનું છે. આમ, હવે આગામી તા.૬ જૂન પછી જ ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

સામાન્ય રીતે યુનિવર્સિટીએ નિર્ધારીત કરેલી તારીખ પ્રમાણે કાર્યવાહી ન થવાના કારણે સમગ્ર પ્રક્રિયામાં વિલંબ થાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. જોકે પ્રવેશ સમિતિના સૂત્રોના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓને ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે આગામી તા. ૬ થી ૧૨ સુધીનો સમય આપવામાં આવશે. આ ઉપરાંત હાલ પીન અને બુકલેટનું વિતરણ ચાલુ છે. જરૂર પડશે તો બુકલેટના વિતરણમાં પણ બે દિવસનો વધારો કરવામાં આવશે. હાલ સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન ચાલુ છે. સમગ્ર પ્રક્રિયા ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન પછી શરૂ કરવામાં આવશે. નોંધનીય છે કે ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટી પાસે રહેલી બેઠકોની સરખામણીમાં વધુ વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવે તેવી શકયતા છે. જેના લીધે પ્રવેશ માટે સામાન્ય ધસારો રહે તેવી શકયતા છે.



## ગજાનન સેવા સમિતિ દ્વારા નિરાધારોને ચોખાનું વિતરણ

નગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જાભચિતરીયામાં ૧૦૨ નિરાધાર વૃધ્ધોને તથા અણસોલમાં ૭ નિરાધાર વૃધ્ધોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે કુલ ૬ ગામોનાં બહેનો અહીં નિયમિત આવે છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા મેરાવડામાં ચૅક ડૅમ ઉપર કરવામાં આવેલા પ્લાસ્ટરનું ચૅકિંગ પણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના બિપીન સોની, કમલેશ રાવલ, મિલિન્દભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
હાઉસફૂલ ૩
૧૨.૩૦, ૩.૩૦ ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
નિન્જા ટર્ટલ્સ (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૪૫
નિન્જા ટર્ટલ્સ (૩ડી હિન્દી)
૩.૧૫, ૧૦.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરબજીત
૬.૪૫
વિરપ્પન
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
હાઉસફૂલ ૩
૧૦.૦૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

# ગુજરાતની બે હજાર શાળાઓમાં અભ્યાસનું સ્તર સુધારવામાં સફળતા

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સરકારના ગુણોત્સવ મૂલ્યાંકનમાં શાળાઓના ધોરણ-૬ના પાંચ લાખથી વધુ બાળકો ગુજરાતી ભાષાના સામાન્ય શબ્દો અને વાક્યો પણ વાંચી શકતા નથી અને ૫.૬ લાખથી વધુ બાળકો ગણિતના સામાન્ય દાખલા પણ ગણી શકતા નથી તેવું તારણ રાજ્ય સરકારના ગુણોત્સવ મૂલ્યાંકનને આધારે પ્રાપ્ત થયું છે. ભારતભરના રાજ્યોને પાયાની બાબતો શિખ્યા વગર ધોરણ પાંચ સુધી પહોંચી જતા બાળકોની આવી ખૂબ ઉંચી ટકાવારીથી ચિંતીત બન્યા છે અને તેમને બાળકોના શિક્ષણના સ્તરની આ સમસ્યામાં સુધારો થઈ શકે તેવા ઉપાયો જરૂરી લાગ્યા છે. તાજેતરમાં બહાર પડનારી રાષ્ટ્રિય શિક્ષણ નીતિમાં દેશના પ્રાથમિક શાળાના બાળકો શિક્ષણના માધ્યમથી સફળતા હાંસલ કરે તે માટે આ વિષયોમાં નિપુણતા અને પકડ પ્રાપ્ત કરે તે માટેના ઉપાયો જરૂરી બનશે.

વર્ષ ૨૦૧૪માં ગુજરાત સરકારે બોસ્ટનના મેસેચ્યુએટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં આઈએમએફઆર ખાતે વડુ મથક ધરાવતી અબ્દુલ લતિફ જમીલ પોવર્ટી એક્શન લેબ જે-પાલ, દક્ષિણ એશિયા અને સ્વૈચ્છિક સંસ્થા પ્રથમ એજ્યુકેશન ફાઉન્ડેશન સાથે ત્રણ વર્ષની ઔપચારિક ભાગીદારી દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી મૂલ્યાંકન કરાતા મોડલને વિસ્તૃત પણે અનુસરીને શિક્ષણનું સ્તર સુધારવા માટે સ્થાનિક સમુદાયમાં યોગ્ય સ્તરે શિક્ષણનો અભિગમ ટીએઆરએલ દ્વારા અપનાવાયો છે.

સાબરકાંઠા જિલ્લાના તમામ બ્લોક અને અરવલ્લી, ગાંધીનગર અને કચ્છ જિલ્લાના કેટલાક બ્લોકમાં કુલ ૫૪ હજારથી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચીને શિક્ષણનું સ્તર સુધારવાની કામગીરી અને ટીએઆરએલ અભિગમનું આ બીજુ વર્ષ છે. આ વર્ષે આ પ્રોગ્રામ જાન્યુઆરીથી માર્ચ સુધીના ૩ માસ ચાલ્યો છે અને આ ગાળામાં અક્ષર નહી ઓળખી શકતા બાળકોની સંખ્યા ટીએઆરએલના ત્રણ માસને અંતે ૩૪૦૦ થી ઘટીને અંદાજે ૧૨૦૦ સુધી પહોંચીને આશરે અડધી થઈ ગઈ છે.

જે-પાલ અને પ્રથમના સહયોગ દ્વારા ભારતના ૬ રાજ્યોમાં વૈજ્ઞાનિક મૂલ્યાંકન વ્યવસ્થા ધરાવતી આ ટીએઆરએલ અભિગમ અપનાવવામાં આવ્યો છે અને આ પ્રોગ્રામ દ્વારા પ્રાથમિક શાળાઓમાં બાળકોનું અભ્યાસનું સ્તર સુધરતું જણાયું છે અને એમાં સૌથી નબળો દેખાવ કરતા વિદ્યાર્થીઓને સૌથી વધુ ફાયદો થયો છે.

આ અભિગમ હેઠળ ધો. ૩, ૪ અને ૫ના વિદ્યાર્થીઓના અભ્યાસના સ્તરની ઝડપી આકલન દ્વારા પરખ કરવામાં આવી હતી. એ પછી બાળકોને તેમના ઉંમર અને ગ્રેડને બદલે અભ્યાસના સ્તર મુજબ અલગ્_લગ જૂથમાં વહેંચવામાં આવ્યા હતા. શાળાની એક દિવસની કામગીરીમાં અભિગમનો ૨ કલાક અમલ કરવામાં આવ્યો હતો. પ્રારંભમાં તાલિમ, રિસોર્સ કીટ અને શાળામાં કલસ્ટર લેવલના સરકારી અધિકારીઓના માર્ગદર્શન વડે ટેકો પુરો પાડીને શિક્ષકોનો સહયોગ મેળવવામાં આવ્યો હતો.

આ પદ્ધતિનો અસરકારક ઉપયોગ થઈ શકે અને અમલના ગાળામાં શિક્ષણનુ સ્તર સુધરે તે માટે શાળામાં શિક્ષકોને ટીએઆરએલની પદ્ધતિનો ઉત્તમ ઉપયોગ કઈ રીતે કરવો તેનું નિદર્શન કરવામાં આવતુ હતુ. પ્રોગ્રામનો અસરકારક ઉપયોગ થઈ શકે તેની ખાત્રી માટે જે-પાલ દ્વારા મોનીટરીંગ સિસ્ટમ ડિઝાઈન કરવામાં આવીહતી અને પ્રોગ્રામની શરૂઆતમાં અને તેના અંતે ગુજરાતી અને ગણિતના વિષયમાં પ્રોગ્રામથી મળેલા પરિણામો અંગે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

# ડૉ. વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા સ્થાપનાની સુવર્ણજયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

વિદ્યાર્થીઓનો વિજ્ઞાનના વિવિધ વિષયોમાં રસ વિકસે તેમજ તેઓ વિજ્ઞાન વિષયમાં પોતાને મૂંઝવતા વિજ્ઞાનના સવાલોના જવાબ મેળવી શકે તે હેતુથી ડૉ. વિક્રમ સારાભાઈએ ૧ જૂન ૧૯૬૬ના રોજ અમદાવાદ ખાતે વિક્રમ સારાભાઈ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટરની સ્થાપના કરી હતી. ત્યારથી આ સાયન્સ સેન્ટર સતત કાર્યરત છે. આ સેન્ટરના સુવર્ણજયંતિ મહોત્સવના ભાગરૂપે ૧ જૂનથી વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. સામાન્ય લોકોમાં વિજ્ઞાનના પ્રચાર અને પ્રસાર તેમજ વિજ્ઞાનના પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી કાર્યરત આ કમ્યુનિટી સાયન્સ સેન્ટર બાયોલોજી, ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ,



ઈલેક્ટ્રોનિક્સ, મોડેલ રોકેટરી, એસ્ટ્રોનોમી જેવા વિજ્ઞાનના વિવિધ વિષયોમાં કાર્યરત છે. અહીં વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારના કેમ્પ્સ, વેકેશન વર્કશોપ્સ, શિક્ષકોની તાલીમ જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાતી રહે છે. યુનિવર્સિટીની સામે આવેલા આ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના દ્વાર સામાન્ય લોકો માટે હંમેશા ખુલ્લા હોય છે. જ્યાં જઈને તેઓ પોતાના વિજ્ઞાન સંબંધી કોઈ પણ પ્રશ્નોના જવાબ મેળવી શકે છે. લોકોના વિચારોમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના પ્રસાર માટે આ સંસ્થાના પ્રયત્નો બદલ વર્ષ ૨૦૧૧માં ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સોશિયલ ઈમ્પેક્ટ અવોર્ડ અને ૨૦૦૮માં ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગનો આઉટ સ્ટેન્ડિંગ એફટ્ર્સ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી કમ્યુનિકેશનનો નેશનલ એવોર્ડ મળ્યો છે. હવે આ સંસ્થા દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ સાથે સુવર્ણજયંતિ વર્ષની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## હિન્દી ફિલ્મોના જાણીતા કોમેડિયન રઝાક ખાનનું હાર્ટ ઍટેકથી નિધન



ગાંધીનગર, તા. ૨

હેરાફેરી, રાજા હિન્દુસ્તાની અને બાદશાહ સહિતની ફિલ્મોમાં કામ કરીને અમીટ છાપ મૂકી જનારા પીઢ કોમેડિયન રઝાક ખાનનું બુધવારે હાર્ટ એટેકથી નિધન થયું છે. ૬૫ વર્ષના ખાનને બુધવારે બપોરે બાંદ્રાની હોલી ફેમિલી હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. તેમની દફનવિધિ ગુરૂવારે ભાયખલ્લાના નારિયેલવાડી કબ્રસ્તાનમાં કરવામાં આવી હતી. કોમેડિયન રઝાકે પોતાની કારકિર્દીની શરૂઆત ટીવી શોથી કરી હતી. ૧૯૮૬-૮૭માં નુક્કડમાં સૌથી પહેલાં તેમને બ્રેક મળ્યો હતો. પોતાની આગવી અદાકારી અને ડાયલોગ બોલવાની સ્ટાઈલને કારણે તેમને અલગ ઓળખ મળી હતી. ઉલ્લેખનીય છે કે તેમણે ૯૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યુ છે.

# કલોલની પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટ પર્યાવરણ દિનની ઉજવણી મ્યુ. કાઉન્સીલર્સ સાથે કરશે

ગાંધીનગર, તા. ૨

કલોલ સ્થિત પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી મ્યુ. કાઉંસીલરો સાથે નોખી રીતે ઉજવવાનું નક્કી કરવાનું કરવામાં આવ્યું છે. વિશ્વ પર્યાવરણ દિનને સફળ બનાવવામાટે કડી કલોલ ગાંધીનગર દેહગામ તેમજ માણસાના મ્યુ. કાઉંસીલરોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત દરેક નગરપાલીકા ના પ્રમુખો તેમજ ગાંધીનગર ના મેયર શ્રી ને પણ આમંત્રણ આપી સ્ટેજ સન્માનીત કરવામાં આવ્યા છે.

પર્યાવરણની સમસ્યાઓ દિવસે ને દિવસે ગંભીર બનતી જાય છે અને નગરો ઉભરાતા જાય છે. નગરોની ઘણી સમસ્યાઓ નાસુર બની ગઈ છે જયારે કેટ્લીક સમસ્યાઓ હંગામી હોય છે જે નગરપાલિકા તેમજ સ્થાનિક રહેવાસીઓના સહ્યોગથી ઉકેલી સકાય તેવી હોય છે. આવી અનેક સમસ્યાઓ ઉપર પ્રકાશ પાડવા માટે તેમજ સાચો રાષ્ટ્ર પ્રેમ બતાવવા માટે ઈકો અર્થ સમીટ ૨૦૧૬ પ્રોગ્રામ નું આયોજન કલોલ ખાતે કરવામાં આવ્યુ છે.

નગરોની પર્યાવરણ સમસ્યાઓના ઉકેલ માટે શહિયારા પ્રયાશો દ્વારા નગરોને ક્લીન તેમજ ગ્રીન બનાવવાની નેમ રાખવામાં આવી છે. પ્રોગ્રામમાં નાના નુસ્ખાઓ દ્વારા મોટુ પરીણામ લાવવા માટે પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટ એક પ્લમ્બર નોકરી ઉપર રાખી શહેરના ટપકતા નળોને મફત માં રીપેરીંગ કરી આપશે અને જ્યાં નળ જ નહી હોય ત્યા સ્વખર્ચે નળ નાખી જળ સ્ત્યાગ્રહ ની શરુઆત કરશે. જમણવારો માં થતા અન્ન તેમજ પાણીની બચત માટે ટહુકાની જગ્યાએ વર વધુનો હાકોટો લખવામાં આવે કે .. અમારા લગન માં જરુર જરુર થી આવજો પણ અન્ન અને પાણીનો બગાડ કરતા નહીં. નગરોના રસ્તાઓને ડસ્ટ ફ્રી કરી નગરીકોની હેલ્થ સુધારી શકાય દરેક સોસાયટીમાં તેમજ દરેક મકાનમાં નિશ્ચિત સંખ્યામા વ્રુક્ષો હોવા જોઈએ. સ્ટ્રીટ લાઈટોને ઋતુ પ્રમાણે ઓન / ઓફ સીસ્ટમ દ્વારા વિજળી ની બચત કરી શકાય. રેઈન વોટર હાર્વેસ્ટીંગ દ્વારા જળ સંગ્રહ કરી શકાય ટ્રાફીક સમસ્યાઓ હલ કરવા માટે સામુહીક પ્રયાશો કરવા જોઈએ. સરકારી કચેરીઓમાં બિન જરુરી વિજળીના ઉપકરણો બંધ રાખવા માટે આદેશ આપવો જોઈએ તેમજ અધિકારીઓ ઓફીસમાં હાજર ન હોય ત્યારે વિજળીના ઉપકરણો બંધ રાખવા માટે સમજાવવા જોઈએ. આવી અનેક ઘર કરી ગયેલી સમસ્યાઓના નિરાકરણ માટે સામુહીક પ્રયાસો દ્વારા તેમજ સહેલાઈથી હલ કરી શકાય તેવી નાની નાની બાબતો ની જવાબદારી લેવા તેમજ આપવા માટે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીનું આયોજન પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટે કર્યુ છે.


સહકાર સેવા તેમજ રાષ્ટ્રહીત થકી પર્યાવરણનો સંદેશો આમ આદમી સુધી પોંહચાડ્વામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખશ્રી એહમદ પઠાને જણાવ્યુ હતુ.

## ડિપ્લોમા આર્કિટેક્ટને ડિગ્રીમાં સીધો પ્રવેશ નહીં

ગાંધીનગર, તા. ૨

એઆઈસીટીઈ અને કાઉ એટલે કે કાઉન્સિલ ઓફ આર્કિટક વચ્ચેની વિસંગતતાના કારણે હાલ વિદ્યાર્થીઓએ હેરાન થવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. ધો.૧૦ પાસ કરનારા વિદ્યાથીઓને ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પ્રવેશ આપવામાં આવે છે. અઢી વર્ષ અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ ડિગ્રીમાં પ્રવેશ લેવા ઈચ્છતા હોય તો ડિગ્રીના સીધા બીજા વર્ષમાં પ્રવેશ ફાળવી આપવામાં આવે છે. પરંતુ, ડિપ્લોમા આર્કિટેક્ટ પૂરું કરનારા વિદ્યાર્થીઓને આ પધ્ધતિનો લાભ મળતો નથી. આર્કિટેકના વિદ્યાર્થીઓ ડિપ્લોમા પૂર્ણ કર્યા બાદ ડિગ્રીમાં પ્રવેશ લેવા ઈચ્છતા હોય તો તેમને બીજા વર્ષમાં નહી પણ પહેલા વર્ષમાં જ પ્રવેશ આપવામાં આવે છે. તેમાં પણ વિદ્યાર્થીઓએ ફરજિયાત નાટાની પરીક્ષા આપવી પડે છે. અને એ પછી પણ તેમને પહેલા વર્ષમાં પ્રવેશ લેવો પડે છે. આ મુદ્દે વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રીથી લઈને MHRD સુધી રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવી શકયો નથી. એઆઈસીટીઈ એમ કહે છે કે ડિગ્રી આર્કિટેકનો કોર્સ કાઉન્સિલ ઓફ આર્કિટેક્ટ ચલાવે છે. જેના કારણે અમે કશું કરી શકીએ તેમ નથી.

# નાણાંમાં સમાણા બધા ગુણ એ જ આપત્તિ છે !




એકસરખા દિવસ સુખના કોઈના જતા નથી કે દુખના દહાડા કાયમી રહેતા નથી એવી વાતો આપણે લોકો સાથેના સંપર્કમાં સાંભળતા હોઈએ છીએ. સાચી વાત એ છે કે જીવન એક ખૂબ વિકટ સંઘર્ષ છે અને આ સફર ક્યારે અને કઈ રીતે પૂર્ણ થશે તે કોઈ જાણતું નથી કે જાણી શકે તેમ નથી.

જન્મથી મરણ આ આંટીઘૂંટીવાળી સફરમાં લોકો સમયાંતરે ભાવવિભોર થઈ જાય છે. ક્યારેક ભાંગી પડે છે તો ક્યારેક ઉત્સાહમાં આવી સાધુત્વના ગુણો પણ પ્રગટ કરવા લાગે છે. જીવન વાસ્તવમાં એક ભાવવિશ્વનું નાનું સ્વરૂપ છે. કર્તવ્ય, ફરજ, નિષ્ઠા, સમર્પણ, ત્યાગ, કરૂણા એ બધા જીવનના ચાલકબળો અને પ્રેરણાત્મક સ્ત્રોત બની રહે છે જેને હકારાત્મક અભિગમવાળું જીવન કહેવાય છે. પરંતુ માનવીમાં હવે ગુણવત્તાની ઓટ આવી છે! ભાવજગતમાં ભૂવા પડ્યા છે, બધા જ વ્યવહારોના પાયામાં નાણાંનો પગપેસારો હદ બહારનો થઈ ગયો છે. તેનું મુખ્ય કારણ એ છે કે લોકો નાણાંની સક્ષમતાથી દરેકને મૂલવે છે, બોલાવે છે, માન-સન્માન આપે છે અથવા તેની પ્રશંસા કરે છે. પણ આ બાબતે જ સમાજ દુખી અને પરેશાન થઈ રહ્યો છે. અરે ભાઈ, નાણાંનું સર્જન આપણા આર્થિક વ્યવહારોને સરળ કરવા માટે થયું હતું એટલે તે સેવક હતું જે સમય જતાં સેવકમાંથી શેઠ અને ઈશ્વરથી મોટું બની ગયું. માનવીય ગુણોની કદર કરવાનું લોકો ચૂકી જાય પછી અપરાધવિશ્વને સ્થાન મળતું શરૂ થઈ જાય છે. પરિશ્રમથી જે પ્રાપ્ત થાય તે હૃદય અને મનના આનંદમાં વૃધ્ધિ કરે છે અને હક્ક વિનાનું હડપ કરવાથી મન, આત્મા અને વિચારને દૂષિત કરનારું પરિણામ ચોક્કસ આવે છે. સત્ત્વ અને તત્ત્વથી જે કાર્ય થાય તેમાં માણસને આંતરિક ભાવસુખનો અનુભવ થતો હોય છે. નાણાં માટે ગમે તેમ દોડવું, ભાગવું એ જીવન નથી જ.



બાળપણથી યુવાવસ્થા સુધીના તબક્કામાં ઉછેરની કાળજી ઘટી છે. કારણ કે આર્થિક માહોલમાં માબાપ કમાણી કરવામાં વ્યસ્ત રહે છે. જીવનની આર્થિક જરૂરિયાતો લાંબી થઈ રહી છે તો ભાવવૃધ્ધિ અને મોંઘવારીથી મળતી આવક ટૂંકી લાગી રહી છે. આ કારણોસર હવે પ્રેરણાત્મક વાતો કે વાર્તા કરનાર દાદા-દાદી પણ ક્રમશઃ લુપ્ત થઈ રહ્યા છે. આદર્શ ક્યાંથી લાવવા? બચપણ મુરઝાતું જાય છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પણ બાળમજૂરી ઘટતી નથી! આદર્શ હોવું એટલે જીવનસંઘર્ષ માટે શક્તિ પ્રાપ્ત થવી પરંતુ નાણાંના જબરા પ્રભાવથી હવે સમાજ ગંદા, છૂપા ભ્રષ્ટાચારમાં ડૂબતો જ જાય છે. નાણાંથી જ બધા પ્રશ્નો ઉકેલવાનું વલણ શરૂ થઈ જાય પછી ઈન્સાનિયત માટે જગ્યા કઈ રીતે બચી શકે? ગોર મહારાજ ધાર્મિક વિધિ કરાવતાહ ોય તો સોપારી હાજરમાં નથી તો રૂપિયા મૂકી સોપારીની ભાવના કરી વંદન કરો, આવું ઘણીવાર સાંભળવા મળે છે! બધું જ નાણાંના રૂપમાં સમાઈ જાય પછી આર્થિક કૌભાંડોને રોકવા અશક્ય બની જાય છે. ‘રે શ્યામ, તમે સાચું નાણું, બીજું સર્વે દુખદાયક જાણું...’ એવાં કીર્તન લખવાવાળા સાધુસંતો પણ દુર્લભ થઈ ગયા છે. નાણાં વગરના લોકો નાથિયા હોય તો પછી નાણાંવાળા બધા નાથાલાલ સમાજ ઉપર પ્રભાવ ના ઊભો કરે તો જ નવાઈ લાગે.

જે ધારણ કરવામાં આવે તે ધર્મ કહેવાય છે તો આજે બધાએ નાણાંના મોહને, કમાણીની લાલચને હૃદયમાં ધરી છે એટલે જ કોઈને શાંતિ નથી. જે કમાણી હક્ક કે પુરુષાર્થ વિના પ્રાપ્ત થાય તે લાંબા ગાળે સર્વનાશ નોતરે છે એ લોકો ભૂલી જાય છે. જયશ્રી કૃષ્ણ, જય રાધેશ્યામ, જય સ્વામિનારાયણ બોલીને પછી પાપ કર્મ ચાલુ રાખવાથી કોઈ અપરાધ માફ થઈ જતા નથી! ધર્મના નામે ઘણા વાદ-વિવાદો, ચર્ચાઓ મીડિયામાં થતી રહે છે. છતાં શાંતિનો માર્ગ પ્રાપ્ત થતો નથી. માનવી માનવ બની જાય તો ઈશ્વર ચાલતાં-ચાલતાં જ મળી જાય! મંદિરમાં છપ્પનભોગ ને મંદિર બહાર રોગના ભોગવાળાની લાઈનો... આ કઈ રીતની વિચારધારાને આપણે ગળે વળગાડી રહ્યા છીએ? ભગવાન તો તમારી ભાવનાના ચાહક છે.

આ દુનિયામાં તમે પણ રિટર્ન ટિકિટ લઈને આવેલા મુસાફર જ છો. તેથી ઈશ્વર રાજી થાય તેવી જીવનશૈલી રાખો, એ જ માણસ તરીકેનો ધર્મ અને પરમ કર્મ છે.

ઉન ચિરાગોં મેં તેલ હી કમ થા,
ક્યું ગિલા ફિર હમે હવા સે રહે?
(જાવેદ અખ્તર)

# યુનિવર્સિટીઝને ૨૪ કલાક હેલ્પલાઈન શરૂ કરવા યુજીસી દ્વારા આદેશ

ગાંધીનગર, તા. ૨

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા દેશની તમામ યુનિવર્સિટીઓએ તાકીદે ૨૪ કલાક ચાલુ રહે તે પ્રકારની હેલ્પલાઈન શરૂ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતની એકપણ યુનિવર્સિટીમાં આ પ્રકારની વ્યવસ્થા ઉપલબ્ધ નથી. રાજય અથવા તો રાજય બહાર ઉચ્ચ અભ્યાસ માટે અથવા તો નોકરી માટે વિદેશ જતા વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ ખરાઈ કરવા માટે જે તે કંપનીઝ દ્વારા યુનિવર્સિટીમાં મોકલવામાં આવતાં હોય છે. યુનિવર્સિટી દ્વારા આ ડોક્યુમેન્ટ પોતાની અનુકૂળતાએ વેરિફિકેશન કરીને પરત મોકલવામાં આવે છે. અલબત્ત, મોટાભાગના કિસ્સાઓમાં વિદ્યાર્થીઓ જાતે આમ કરતા હોય છે અથવા તો પોતાના સંબંધીઓને ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે મોકલતા હોય છે. આવા અનેક કિસ્સાઓમાં યુનિવર્સિટી અપૂરતી માહિતી મોકલતી હોવાના કારણે વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી નડતી હોય છે. આ ઉપરાંત રાજય બહારથી જે તે યુનિવર્સિટીમાં પ્રવેશ માટે આવતા વિદ્યાર્થીઓ કોઈ વિગતો કે માહિતી મેળવવા ઈચ્છતા હોય તેમણે પણ રૂબરૂ જ આવવું પડે છે. આ પ્રકારની પરિસ્થિતિ દૂર કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા એક પરિપત્ર કરીને દેશની દરેક યુનિવર્સિટીને મોકલી આપવામાં આવ્યો છે. જેમાં એવી સૂચના આપવામાં આવી છે કે, દરેક યુનિવર્સિટીએ સપ્તાહના સાત દિવસ એન ૨૪ કલાક સુધી ચાલુ રહે તે પ્રકારની હેલ્પલાઈન શરૂ કરવી પડશે. આ હેલ્પલાઈન માટે ખાસ અધિકારીઓને નિમણૂક પણ આપવાની રહેશે. યુજીસીના આ પરિપત્રના કારણે હવે દરેક યુનિવર્સિટીએ આગામી દિવસોમાં કોલેજો શરૂ થાય તે પહેલાં આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવી પડશે.